

હોપની સદીથી વેસ્ટ ઈન્ડિઝે 247 રન બનાવ્યા

હોપે અંતિમ બોલમાં છગ્ગો ફટકારીને આ સીરિઝની પોતાની બીજી ટી-20 સદી ફટકારી

હોપ ઉપરાંત રધરફોર્ડે 26 બોલમાં 49 રનની નોટઆઉટ ઇનિંગ રમી, વિન્ડીઝે ઇનિંગમાં 16 છગ્ગા ફટકાર્યા

હૈદરાબાદ, તા. 14 : ટી-20 સીરિઝની આજે બુધવારે અહીં રમાયેલી ચોથી ટી-20માં કેપ્ટન શે હોપની 50 બોલમાં 102 રનની નોટઆઉટ સદીની મદદથી વેસ્ટ ઈન્ડિઝે ત્રણ વિકેટે 247 રનનો વિશાળ સ્કોર બનાવીને ભારત સામે 248 રનનો લક્ષ્યાંક મૂક્યો હતો. તેણે છેલ્લી ઓવરના અંતિમ બોલે સિક્સર ફટકારીને પોતાની સદી પૂરી કરી હતી. આ ઉપરાંત શેરફેન રધરફોર્ડે પણ માત્ર 26 બોલમાં અણનમ 49 રનનું યોગદાન આપ્યું હતું.

વેસ્ટ ઈન્ડિઝના બેટ્સમેનોએ ઈનિંગ દરમિયાન કુલ 16 સિક્સર ફટકારી હતી. ભારતીય બોલરો આખી ઈનિંગ દરમિયાન સાતત્ય જાળવવામાં સંઘર્ષ કરતા નજરે પડ્યા. મયંક યાદવ અને અર્શદીપ સિંહે પોતપોતાની ચાર ઓવરમાં 52-52 રન ખર્ચ્યા હતા, જ્યારે યજમાન ટીમ દ્વારા ફિલ્ડિંગમાં પણ કેટલાક મહત્વપૂર્ણ કેચ છૂટ્યા હતા. હોપની આ સદી આ સિરીઝની તેમની બીજી, આ ટૂર પર ચોથી અને ટી-20I કરિયરની ત્રીજી સદી છે. તેણે રધરફોર્ડ સાથે મળીને માત્ર 43 બોલમાં 91 રનની અણનમ ભાગીદારી નોંધાવીને ટીમને મજબૂત સ્કોર સુધી પહોંચાડી હતી.

વેસ્ટઈન્ડિઝ	**રન**	**બોલ**	**4**	**6**
હોપ નોટઆઉટ	102	50	4	9
જેવેલ LB બો.અક્ષર	21	16	2	1
હેટમાયર કોએન્ડબો.પ્રિન્સ	33	12	4	2
પોવેલ કો.સેમસન બો.અર્શદીપ	24	17	2	1
રધરફોર્ડ નોટઆઉટ	49	26	4	3
વારાના	18			
કુલ (20 ઓવરમાં ત્રણ વિકેટે)	247			

વિકેટપતન : 1-52, 2-110, 3-156

બોલિંગ	**M**	**R**	**W**	
મયંક યાદવ	4	0	52	0
અર્શદીપ સિંહ	4	0	52	1
પ્રિન્સ યાદવ	4	0	36	1
અક્ષર પટેલ	4	0	45	1
નમન ધીર	1	0	19	0
નીતિશ કુમાર રેડ્ડી	3	0	39	0

ટી-20 રેન્કિંગમાં શ્રેયસ અય્યર કેરિયર બેસ્ટ ચોથા ક્રમે

ટી-20 રેન્કિંગમાં ટોપ ટેનમાં ઇશાન પહેલા, અભિષેક બીજા, શ્રેયસ ચોથા અને તિલક નવમા ક્રમે

દુબઈ, તા. 14 (પીટીઆઈ) : વેસ્ટ ઈન્ડિઝ સામે ચાલી રહેલી પાંચ મેચની શ્રેણીમાં પ્રભાવશાળી પ્રદર્શનને કારણે ભારતીય કેપ્ટન શ્રેયસ ઐય્યર બેટ્સમેનોની તાજેતરની આઈસીસી ટી૨૦આઈ રેન્કિંગમાં ત્રણ સ્થાન આગળ વધીને કેરિયર બેસ્ટ ચોથા સ્થાને પહોંચી ગયો છે.

ટી-20 બેટિંગ રેન્કિંગમાં ટોપ 10માં ચાર ભારતીયોનો સમાવેશ થાય છે, જેમાં ઈશાન કિશાન 904 પોઈન્ટ સાથે રેન્કિંગમાં ટોચ પર છે, તેના પછી બીજા ક્રમે અભિષેક શર્મા, ચોથા ક્રમે શ્રેયસ અને નવમા ક્રમે તિલક વર્મા છે. પાકિસ્તાનનો સાહિબજાદા ફરહાન કારકિર્દીના શ્રેષ્ઠ 883 પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે. શ્રીલંકાનો કુસલ મેન્ડિસ, વેસ્ટ ઈન્ડિઝના શેરફેન રધરફોર્ડ અને ભારતના સંજુ સેમસન પણ રેન્કિંગમાં આગળ વધ્યા છે.

ટી-20 ટોપ ટેન બેટ્સમેન

ક્રમ	ખેલાડી	દેશ	રેટિંગ
1	ઇશાન કિશન	ભારત	904
2	અભિષેક શર્મા	ભારત	891
3	સાહિબઝાદા	પાકિસ્તાન	883
4	શ્રેયસ અય્યર	ભારત	798
5	હેરી બ્રુક	ઈંગ્લેન્ડ	793
6	જોશ બટલર	ઈંગ્લેન્ડ	789
7	ડેવાલ્ડ બ્રેવિસ	દ. આફ્રિકા	789
8	ફિલ સોલ્ટ	ઈંગ્લેન્ડ	775
9	તિલક વર્મા	ભારત	731
10	પથુમ નિસાંકા	શ્રીલંકા	720

IPL ટ્રેડ : નટરાજનની સનરાઈઝર્સમાં વાપસી, ઝીશાન દિલ્હી કેપિટલ્સમાં

મુંબઈ, તા. 14 (પીટીઆઈ) : બે આઈપીએલ ફ્રેન્ચાઈઝી વચ્ચે આજે બુધવારે થયેલા ખેલાડીઓના ટ્રેડના ભાગ રૂપે ડાબોડી ઝડપી બોલર ટી નટરાજન સનરાઈઝર્સ હૈદરાબાદમાં પાછો ફર્યો જ્યારે લેગ-સ્પિનર ઝીશાન અંસારી બુધવારે દિલ્હી કેપિટલ્સમાં જોડાયો છે. નટરાજનને આઈપીએલ 2025ની હરાજીમાં દિલ્હી કેપિટલ્સ દ્વારા 10.75 કરોડમાં ખરીદવામાં આવ્યો હતો. જો કે તે રૂ. 5 કરોડની સુધારેલી ફીમાં 2016ના ચેમ્પિયન સાથે જોડાશે. આઈપીએલ 2026 સીઝનમાં સનરાઈઝર્સ હૈદરાબાદ માટે 10 મેચ રમનાર અંસારી, તેની વર્તમાન ફી રૂ. 40 લાખ સાથે દિલ્હી કેપિટલ્સ સાથે જોડાશે. આઈપીએલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે 2020 થી 2024 સુધી પાંચ સીઝન માટે સનરાઈઝર્સ હૈદરાબાદનું પ્રતિનિધિત્વ કરનાર નટરાજન ફ્રેન્ચાઈઝીમાં પાછો ફર્યો છે. અન્સારીએ દિલ્હી કેપિટલ્સ સામેની પોતાની ડેબ્યૂ મેચમાં ત્રણ વિકેટ લઈને પોતાની આઈપીએલ કારકિર્દીની શાનદાર શરૂઆત કરી હતી.

પાર્થિવે અરજી ન કરતાં પસંદગી ચેરમેન બનવા પ્રજ્ઞાન ઓઝાનો માર્ગ મોકળો

પાર્થિવે પસંદગી પ્રક્રિયાથી દૂર રહેવાનો નિર્ણય કરીને નિર્ધારિત સમયમર્યાદામાં અરજી ન કરી

રમેશ પોવાર હવે જૂનિયર પસંદગીને સ્થાને વેસ્ટ ઝોનમાંથી સીનિયર પસંદગીકાર પદ માટે દાવેદાર

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ) : ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)ની સિનિયર મેન્સ પસંદગી સમિતિમાં વેસ્ટ ઝોનના પ્રતિનિધિ તરીકે અજિત અગરકરના સ્થાને માજી વિકેટકીપર પાર્થિવ પટેલને મજબૂત દાવેદાર માનવામાં આવતો હતો. પરંતુ તેણે આ પદ માટે અરજી કરી નથી, જેના કારણે પ્રજ્ઞાન ઓઝા માટે તેના કાર્યકાળના બાકીના સમયગાળા માટે ચેરમેન તરીકે ચાલુ રહેવાનો માર્ગ મોકળો થયો છે.

વેસ્ટ ઝોનમાં ખાલી જગ્યા ભરવા માટે અરજી કરવાની છેલ્લી તારીખ બુધવારે પૂરી થઈ ગઈ હતી, પરંતુ પાર્થિવે પસંદગી પ્રક્રિયાથી દૂર રહેવાનો નિર્ણય લીધો હતો. બીસીસીઆઈના એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે મને ખબર નથી કે બીસીસીઆઈ અરજીની અંતિમ તારીખ લંબાવશે કે નહીં, પરંતુ પાર્થિવે 14 ઓક્ટોબરના રોજ સાંજે 5 વાગ્યા સુધી અરજી કરી ન હતી. જો સમયમર્યાદા લંબાવવામાં આવે અથવા તે પોતાનો વિચાર બદલી નાખે, તો પરિસ્થિતિ બદલાઈ શકે છે.

સાઉથ ઝોનનું પ્રતિનિધિત્વ કરતા ઓઝા તેમના બાકીના કાર્યકાળ માટે ચેરમેન તરીકે રહે તેવી શક્યતા છે. વર્તમાન પસંદગીકારોમાં તેણે સૌથી વધુ ટેસ્ટ રમી છે તે હકીકતથી તેનો દાવો મજબૂત બને છે. જુનિયર પુરુષ પસંદગી સમિતિના અધ્યક્ષ બનવા માટે મજબૂત દાવેદાર માનવામાં આવતો રમેશ પોવાર હવે વેસ્ટ ઝોનમાંથી સિનિયર પસંદગીકાર પદ માટે દાવેદાર બની શકે છે. ભારતના માજી વિકેટકીપર સમીર દિઘેના નામની પણ ચર્ચા થઈ રહી છે. પોવાર અને દિઘે બંનેએ પસંદગીકારોના પદ માટે અરજી કરી હતી.

ફિફા પોતાના દરેક સભ્ય ફૂટબોલ એસો.ને રૂ. 237 કરોડ આપશે

ફિફા તાજેતરના વર્લ્ડકપમાંથી મળેલા ભંડોળનો ઉપયોગ તેના 211 સભ્ય સંગઠનો, સંઘો અને અન્ય હિસ્સેદારોમાં કરશે

આ યોજનાને ડિસેમ્બરમાં ફિફા કાઉન્સીલ દ્વારા અંતિમ સ્વરૂપ અપાશે અને માર્ચ 2027માં ફિફા કોંગ્રેસ મંજૂરી આપી શકે

છ ખંડીય સંઘોમાંથી દરેકને સમાન સમયગાળા દરમિયાન 9.9 કરોડ ડોલરની રકમ આપવાનો પણ પ્રસ્તાવ

સાઓ પાઉલો, તા. 14 : ફૂટબોલ વિશ્વની સંચાલક સંસ્થા, ફિફા, 2027થી 2030 સુધી તેના સભ્ય દેશોની સામે ફૂટબોલના વિકાસ માટે 6.35 અબજ ડોલરના ભંડોળનો પ્રસ્તાવ મૂકશે, જેમાં દરેક રાષ્ટ્રીય સંગઠન માટે 2.50 કરોડ ડોલર અર્થાત લગભગ 237 કરોડ રૂપિયાની વધેલી રકમનો સમાવેશ થાય છે.

ફિફાએ પોતાના એક દસ્તાવેજમાં જણાવ્યું હતું કે તે તાજેતરના વર્લ્ડકપમાંથી મળેલા ભંડોળનો ઉપયોગ તેના 211 સભ્ય સંગઠનો, સંઘો અને અન્ય હિસ્સેદારોમાં ફૂટબોલ વિકાસમાં રોકાણ વધારવા માટે કરશે. અગાઉ, દરેક ફૂટબોલ સંગઠનને ચાર વર્ષના સમયગાળામાં એક કરોડ ડોલર મળતા હતા. 14 ઓક્ટોબરના આ દસ્તાવેજમાં, ફિફા વર્લ્ડકપની અભૂતપૂર્વ વ્યાપારી સફળતાને માન્યતા આપવા માટે તેના નાણાકીય અનામતમાંથી તેના સભ્ય દેશોને 3.5 બિલિયન ડોલરથી વધુનું વિતરણ કરવાનો પ્રસ્તાવ રખાયો છે. દસ્તાવેજમાં વધુમાં જણાવાયું છે કે આ નાણાકીય યોજનાને ડિસેમ્બર 2026માં ફિફા કાઉન્સિલ દ્વારા અંતિમ સ્વરૂપ આપવામાં આવશે અને પછી માર્ચ 2027માં 77મી ફિફા કોંગ્રેસમાં અંતિમ મંજૂરી આપવામાં આવશે. ફૂટબોલની ગવર્નિંગ બોડીએ એમ પણ કહ્યું કે તે છ ખંડીય સંઘોમાંથી દરેકને સમાન સમયગાળા દરમિયાન 9.9 કરોડ ડોલરની ઓફર કરશે. ફિફાએ જણાવ્યું હતું કે જો આ દરખાસ્ત સ્વીકારવામાં આવે તો, 2027-2030 ના સમયગાળા માટે સભ્ય દેશોને ઉપલબ્ધ ભંડોળ બમણાથી વધુ થઈ જશે. આનાથી મહિલા અને યુવા ફૂટબોલમાં રોકાણ અને વિકાસ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

ભારતીય ફૂટબોલ ફેડરેશનને પણ રૂ. 237 કરોડ મળી શકે

ભારતીય ફૂટબોલ ટીમ ભલે તાજેતરના ફિફા વર્લ્ડકપ માટે બસ ચૂકી ગઈ હોય, પરંતુ આ શોપીસ ઇવેન્ટની અભૂતપૂર્વ વ્યાપારી સફળતાથી તેને મોટો ફાયદો થવાની શક્યતા છે. જો ફિફાના પ્રસ્તાવને તેના સભ્ય ફેડરેશનો દ્વારા સ્વીકારવામાં આવે તો ઓલ ઇન્ડિયા ફૂટબોલ ફેડરેશન (AIFF)ને ફૂટબોલની વૈશ્વિક ગવર્નિંગ બોડી તરફથી આગામી ચાર વર્ષમાં 2.50 કરોડ ડોલર અર્થાત આશરે રૂ. 237 કરોડ મળી શકે છે.

વુહાન ઓપન : સ્વિટેક અંતિમ 16માં, બેનસિક હારી

વુહાન, તા. 14 : ઇગા સ્વિટેક બુધવારે અહીં વુહાન ઓપન ટેનિસ ટુર્નામેન્ટના સીધા સેટમાં જીત મેળવીને અંતિમ 16માં પ્રવેશ કર્યો હતો. છ વખતની ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન સ્વિટેકે બીજા રાઉન્ડમાં પોતાના જ દેશની મેગ્ડાલેના ફ્રેચને 6-2, 6-1થી હરાવી. હવે તેનો સામનો એશ્લિન ક્રુગર અને લેનલાના તારારુડી વચ્ચેના મેચની વિજેતા સામે થશે. દરમિયાન, બીજા રાઉન્ડની અન્ય મેચોમાં, પાંચમી ક્રમાંકિત એલિના સ્વિટોલીનાએ લ્યુડમિલા સેમસોનોવાને 6-2, 5-7, 6-2થી હરાવી જ્યારે વિશ્વની 170 ક્રમાંકિત સોનાય કાર્ટેલે નવમી ક્રમાંકિત બેલિન્ડા બેનસિકને 6-0, 7-5થી હરાવીને અપસેટ સર્જ્યો.

વુહાન ઓપન : સબાલેન્કાને બિનક્રમાંકિત એન લી હરાવી

વુહાન, તા. 14 : બેલારુસિયન ટોચની ક્રમાંકિત ખેલાડી આર્યના સબાલેન્કાના ફોર્મનો મુશ્કેલ દોર વુહાન ઓપનમાં પણ ચાલુ રહ્યો હતો અને તેણે રાઉન્ડ ઓફ 32માં બિનક્રમાંકિત અમેરિકન એન લી સામે 3-6, 6-4, 7-6થી આઘાતજનક હારનો સામનો કરવો પડ્યો. ચાર વખતની ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન, શરૂઆતનો સેટ જીત્યા પછી આગળ વધવા માટે તૈયાર દેખાતી હતી, પરંતુ લીની વાપસીને રોકવા માટે સંઘર્ષ કરવો પડ્યો. વિશ્વમાં 31મા ક્રમે રહેલી, અમેરિકન ખેલાડીએ બીજા સેટમાં 4-2થી પાછળ રહીને નિર્ણાયક ગેમમાં જીત મેળવી અને પછી દબાણ હેઠળ શાંત પ્રદર્શન કરીને પોતાની કારકિર્દીની સૌથી મોટી જીત મેળવી.

પીએમ મોદી એશિયન ગેમ્સમાં ભાગ લેનાર ભારતીય દળને આજે મળશે

આ કાર્યક્રમ આજે મેજર ધ્યાનચંદ રાષ્ટ્રીય સ્ટેડિયમ ખાતે લગભગ સાંજે 4:30 વાગ્યે યોજાશે

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઇ) : વડાપ્રધાનનરેન્દ્ર મોદી આવતીકાલે ગુરુવારે અહીં તાજેતરમાં પૂર્ણ થયેલા આઈચી-નાગોયા એશિયન ગેમ્સમાં ભાગ લેનાર ભારતીય ટુકડીના ખેલાડીઓને મળશે. પીએમઓ દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, આ કાર્યક્રમ મેજર ધ્યાનચંદ રાષ્ટ્રીય સ્ટેડિયમ ખાતે લગભગ સાંજે 4:30 વાગ્યે યોજાશે. વડાપ્રધાન આ પ્રસંગે તેમને સંબોધન પણ કરશે.

ભારત એશિયાડમાં 21 ગોલ્ડ, 27 સિલ્વર અને 37 બ્રોન્ઝ મળીને કુલ 85 મેડલ સાથે ચોથા સ્થાને રહ્યું હતું. આ ભારતનું સતત બીજું ટોપ-ફાઇવ ફિનિશ હતું, પરંતુ તેની મેડલ સંખ્યા 2023 હાંગઝોઉ એશિયન ગેમ્સમાં જીતેલા રેકોર્ડ 106 મેડલથી ઓછી રહી હતી. આ કાર્યક્રમમાં ભારતીય ટુકડી, તેના ખેલાડીઓ, તેમના કોચ અને સહાયક સ્ટાફ, ભારતીય ઓલિમ્પિક સંઘના અધિકારીઓ, રાષ્ટ્રીય રમતગમત સંઘોના પ્રતિનિધિઓ ઉપરાંત યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના અધિકારીઓ હાજરી આપશે. ભારતે આઈચી-નાગોયા ગેમ્સમાં 501 ખેલાડીઓની ટુકડી મોકલી હતી, જેમાંથી 310 ખેલાડીઓ પહેલી વાર એશિયન ગેમ્સમાં ભાગ લઈ રહ્યા હતા.

સિત્સિપાસને હરાવી મેદવેદેવ શાંઘાઈ માસ્ટર્સની ક્વાર્ટર ફાઇનલમાં

શાંઘાઈ, તા. 14 : ડેનિલ મેદવેદેવે સ્ટેફાનોસ સિત્સિપાસને હરાવીને શાંઘાઈ માસ્ટર્સ ટેનિસ ટૂર્નામેન્ટના ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. પાંચમા ક્રમાંકિત મેદવેદેવે સિત્સિપાસને 6-4, 7-5થી હરાવ્યો અને સતત ત્રણ વર્ષમાં ટુર્નામેન્ટના ક્વાર્ટર ફાઇનલમાં પહોંચનાર ચોથો ખેલાડી બનીને રોજર ફેડરર, નોવાક જોકોવિચ અને એન્ડી મુરે સાથે જોડાયો. અગાઉ, સ્પેનના રાફેલ જોડારે એક સેટ પાછળ રહ્યા બાદ વાપસી કરીને બોટિક વાન ડી ઝાન્ડ્સખોલ્પને 6-7 (4), 6-4, 6-2 થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

ડેનમાર્ક ઓપન : સાત્વિક-ચિરાગ સહિતના ભારતીય શટલર આઉટ

ઓડેન્સ, તા. 14 (પીટીઆઇ) : સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની ભારતીય પુરુષ ડબલ્સ જોડી, ઉન્નતિ હુડા અને આયુષ શેટ્ટી આજે બુધવારે પોતપોતાની મેચ હારીને અહીં ડેનમાર્ક ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટમાંથી બહાર થઇ ગયા હતા. વિશ્વની પાંચમી ક્રમાંકિત ભારતીય જોડી સાત્વિક અને ચિરાગનો પુરુષોની ડબલ્સ રાઉન્ડ ઓફ ૩૨ મેચમાં ૩૭મા ક્રમાંકિત ચીની જોડી હી જી ટિંગ અને રેન ઝિયાંગ યુ સામે ૨૧-૧૨, ૧૫-૨૧, ૧૯-૨૧થી પરાજય થયો હતો. મેન્સ સિંગલ્સના રાઉન્ડ ઓફ ૩૨માં, આયુષ શેટ્ટીનો ઇન્ડોનેશિયાના અલ્વી ફરહાન સામે ૨૧-૧૧, ૧૩-૨૧, ૨૧-૧૦થી પરાજય થયો. જ્યારે ઉન્નતિ હુડ્ડા એમહિલા સિંગલ્સ રાઉન્ડ ઓફ ૩૨ મેચમાં ચીનની હાન કિઆન શી સામે ૨૧-૨૩, ૨૧-૧૬, ૧૬-૨૧થી હારી ગઈ.

સુડોકુ ૭૨૭૦ 'કૃતિ'

૫			૮				૪	
૪		૨	૧		૫		૮	
૧			૩	૬	૪			૫
				૫			૨	૩
૨	૭		૪					
૯		૩	૭	૮	૨			
	૯			૧	૮			
	૧	૫					૯	
૩	૨	૬		૭	૯	૪		૮

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

[illegible]

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

એપેન્ડિસાઇટિસ

ગુજરાતીમા આંત્રપુચ્છ તરીકે ઓળખાતા આ ભાગ પર સોજો આવતાં દર્દીની હાલત બગડે છે.

એરંડા પાક બે થી ચાર ચમચી, સવાર સાંજ ગરમ દૂધ સાથે આપવું. તકલીફ વધારે હોય તો દિવેલમા હિંગ ભેળવી તેનો એનિમા આપવો. દારુણ વ્યાધિ છે. વૈદશ્રી ની સલાહ વિના કશું કરવું નહીં.

અનુસંધાન ... પાના પહેલાનું

કેનેડિયન 'ફેરફેક્સ'...

આ ટ્રાન્ઝેક્શનને હજુ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (આરબીઆઈ), કોમ્પિટિશન કમિશન ઓફ ઇન્ડિયા (સીસીઆઈ) અને અન્ય વૈધાનિક સત્તામંડળોની મંજૂરી મળવાની બાકી છે. આરબીઆઈના નિયમો અનુસાર, ફેરફેક્સ પાસે સ્પોન્સર/પ્રોમોટર તરીકે હિસ્સો ઘટાડવા માટે 15 વર્ષ સુધીનો સમય હશે અને 5 વર્ષનો લોક-ઇન પિરિયડ રહેશે. આ ઉપરાંત, સીએસબી બેંકમાં 40 ટકા હિસ્સો ધરાવતી ફેરફેક્સે અથવા તો તેને આઈડીબીઆઈ સાથે મર્જ કરવી પડશે અથવા સીએસબીમાંથી બહાર નીકળવું પડશે.

સરકાર અને એલઆઈસી પાસે બેંકમાં સંયુક્ત રીતે 34 ટકા હિસ્સો રહેશે, જેથી આ પ્રક્રિયાને વ્યૂહાત્મક પુનર્ગઠન તરીકે પણ જોવામાં આવી રહી છે. ટાટા ગ્રૂપ દ્વારા એર ઇન્ડિયાના સંપાદન બાદ સરકારી ક્ષેત્રમાં આ બીજો મોટો ખાનગીકરણ સોદો માનવામાં આવે છે.

સીજેપીના નેતાઓ...

મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. આ અગાઉ મંગળવારે સવારે આ નેતાઓ અન્ય 11 કાર્યકરો સાથે બેરિકેડ તોડીને જંતર મંતર વિસ્તારમાં પ્રવેશ્યા હતા અને મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ નારાબાજી કરીને ત્યાં રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ, શનિવારે પણ અટકાયતમાં લેવાયેલા દાસ અને રાંકાએ એક વર્ષ સુધી શાંતિ જાળવવાના બોન્ડ પર સહી કરી હતી. મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામાની માગ સાથે યુવા સંગઠનો દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શનો વચ્ચે આ કાર્યવાહી કરવામાં આવી છે. આ ઘટનાક્રમ પર પ્રતિક્રિયા આપતા સીજેપીના સ્થાપક અભિજીત દીપકેએ કેન્દ્ર સરકાર પર અસંમત અવાજોને કચડી નાખવાનો આક્ષેપ કર્યો હતો. એક પોસ્ટમાં તેમણે જણાવ્યું કે આશુ અને સૌરવનો વાંક માત્ર એટલો હતો કે તેમણે જંતર મંતર પર તિરંગો ફરકાવ્યો હતો.

હુથીઓનો સાઉદીની...

મથકોને નિશાન બનાવ્યા છે. છેલ્લા એક અઠવાડિયામાં જ કિંગ ખાલિદ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર થયેલા હુમલાઓમાં 18 લોકોનાં મોત થયાં છે અને 300થી વધુ ઘવાયા છે, જ્યારે સાઉદી અરેબિયામાંથી ઉપડતી 3000થી વધુ ફ્લાઈટ્સ રદ કરવી પડી છે.

નિષ્ણાતોના મતે, સાઉદી અરેબિયા માટે 1600 કિલોમીટર દૂરથી આવતા હુથીઓના દરેક ડ્રોન કે મિસાઈલને રોકવા અશક્ય બની રહ્યા છે. આ સંઘર્ષના કારણે વૈશ્વિક તેલ બજાર અને એવિએશન સેક્ટરમાં ભારે અફરાતફરી મચી ગઈ છે, જ્યારે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પણ સાઉદી અરેબિયાની આ સંઘર્ષમાં મદદ કરવા સીધા જોડાવા અંગે વિચારણા કરી રહ્યા છે. યમનમાં રેડ ક્રોસ અનુસાર, મારિબ અને તાઈઝ ક્ષેત્રમાં હોસ્પિટલો ઘાયલોથી ઉભરાઈ રહી છે અને માનવતાવાદી સંકટ ગંભીર બન્યું છે.

રશિયા અને ચીને યુદ્ધવિરામ માટેના પ્રયાસો શરૂ કર્યા

સંઘર્ષ વધુ ઘેરો બનતા રાજદ્વારી સ્તરે યુદ્ધવિરામ માટેના પ્રયાસો તેજ બન્યા છે. હુથી રાજકીય બ્યુરોના વરિષ્ઠ સભ્ય મોહમ્મદ અલ-બુખૈતીએ જણાવ્યું હતું કે ઓમાન ઉપરાંત રશિયા અને ચીન જેવા વૈશ્વિક દેશોએ ઈરાન મારફતે તેમનો સંપર્ક સાધ્યો છે. હુથીઓએ સ્પષ્ટ કર્યું છે કે જો સાઉદી અરેબિયા સના પરથી હવાઈ અને દરિયાઈ નાકાબંધી સંપૂર્ણપણે હટાવી લે, તો તેઓ કાયમી યુદ્ધવિરામ માટે તૈયાર છે.

ફરી હિન્દી-ચીની...

સામે નિકાસ ઓછી રહેવાથી વેપારી ખાધ વધીને 99.19 અબજ ડોલર સુધી પહોંચી ગઈ છે. આ ઉપરાંત, જમીની સરહદો ધરાવતા દેશો માટે એફડીઆઈની નીતિઓ પણ કડક કરવામાં આવી છે.

દિલ્હી ડાયરી...

અને ઓલ ઇન્ડિયા મોટર એન્ડ ગૂડ્ઝ ટ્રાન્સપોર્ટ એસોસિએશન (એઆઈએમજીટીએ)એ રામલીલા મેદાનને બાકાત રાખવાની માંગ કરી છે. તેમનું માનવું છે કે આનાથી જથ્થાબંધ બજારો, પરિવહન નેટવર્ક અને કટોકટીની સેવાઓ ખોરવાઈ જવાની ક્ષમતા છે.

માર્ચ દરમિયાન ખડગેનું બેટમેન માસ્ક

મતદાર યાદીઓના વિશેષ ગહન સુધારણા (એસઆઈઆર) દ્વારા થતી 'વોટ ચોરી' વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવા માટે મંગળવારે જઈ રહેલા ઇન્ડિયા બ્લોકના નેતાઓથી ભરેલી બસમાં એક અનોખો નજારો જોવા મળ્યો, જેણે મીડિયા, ઉમટેલી ભીડ તેમજ સોશિયલ અને ઇલેક્ટ્રોનિક મીડિયા પર આ ઘટનાક્રમ જોઈ રહેલા લોકોનું ધ્યાન ખેંચ્યું. કોંગ્રેસ પ્રમુખ અને રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. ૮૩ વર્ષીય રાજકીય નેતા એક વિરોધપ્રદર્શનકારી દ્વારા આપવામાં આવેલું 'બેટમેન માસ્ક' પહેરેલા જોવા મળ્યા હતા. બસની આગળની હરોળમાં બારી તરફની સીટ પર બેઠેલા ખડગેએ આ અનોખી ભેટ આનંદપૂર્વક સ્વીકારી હતી, જે આ પ્રસંગને ચિહ્નિત કરવા અને ચારેય તરફથી ધ્યાન આકર્ષિત કરવામાં મદદરૂપ સાબિત થઈ. ટૂંક સમયમાં જ, બેટમેન માસ્કમાં ખડગેના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયા. પક્ષરેખાથી પર જઈને રાજકારણીઓ વચ્ચે પણ આ ચર્ચાનો વિષય બન્યો. જાણવા મળ્યું છે કે અસંખ્ય સાંસદોએ ખડગે પાસે જઈને ૮૩ વર્ષીય નેતાના આ આકર્ષક અંદાજની પ્રશંસા કરી હતી. ખડગેએ આ વિરોધ માર્ચનું કવરેજ કરી રહેલા પત્રકારો માટે ફોટો પણ પડાવ્યો હતો.

ફ્લાઇટ્સનું સમયપત્રક અને સુપ્રીમ કોર્ટ માર્ચ

સુપ્રીમ કોર્ટ તરફની માર્ચ પહેલાં દેશની રાજધાનીમાં એકતાનું શક્તિપ્રદર્શન કરવાના ઇન્ડિયા બ્લોકના નેતાઓના આયોજનને બે ફ્લાઇટ્સના સમયપત્રકે જટિલ બનાવી દીધું હતું. પશ્ચિમ બંગાળનાં પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીની કોલકાતાની ફ્લાઇટ સાંજે ૫ વાગ્યાની હતી, જ્યારે સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ બપોરે ૨:૧૫ વાગ્યે દિલ્હી ઊતરી રહ્યા હતા. સુપ્રીમ કોર્ટ તરફની વિરોધ માર્ચ દરમિયાન આ બંને અગ્રણી નેતાઓની એકસાથે હાજરી સુનિશ્ચિત કરવા માટે રવિવારે રાત્રે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જોકે, નસીબની બલિહારી કે યાદવ ટ્રાફિકમાં ફસાઇ ગયા અને તેઓ વિરોધ પ્રદર્શનના સ્થળે પહોંચ્યા ત્યાં સુધીમાં બેનર્જી ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ માટે રવાના થઈ ચૂક્યાં હતાં.

શબ્દગુંફન - ૭૨૭૦

અરવિંદ એસ. મારૂ

૧	૨		૩	■	૪		૫	■	૬
■		■	૭	૮		■	૯		
૧૦		૧૧	■		■	૧૨		■	
	■	૧૩		■	૧૪		■	૧૫	
૧૬	૧૭		■	૧૮	■	૧૯	૨૦		■
■		■	૨૧			■		■	૨૨
૨૩		૨૪			■	૨૫		૨૬	
	■		■	■	૨૭		■		■
૨૮	૨૯	■	૩૦			■	૩૧		૩૨
■	૩૩			■	૩૪			■	

આડી ચાવી
૧. નાટકશાળા (૪)
૪. દસકો, દસનો સમૂહ (૩)
૭. મજબૂતાઈ, ટકી રહેવાપણું (૩)
૯. શિક્ષણ પામેલું, સંસ્કારી (૩)
૧૦. તરફદારી (૩)
૧૨. વાળ (૨)
૧૩. વસ્તુનું મૂળ અસલ કે વાસ્તવિક રૂપ (૨)
૧૪. ગુસ્સો, રોષ (૨)
૧૫. મસાલામાં વપરાતા નાના કાળા ગોળ દાણા (2)
૧૬. છૂટું કરવું તે (૩)
૧૯. આનંદી, વિનોદી (૩)
૨૧. હેત, લાગણી (૩)
૨૩. ચિંતન કરવાના સ્વભાવવાળું (૫)
૨૫. પ્રસ્તાવનારૂપે બે બોલ (૪)
૨૭. યજ્ઞ (૨)
૨૮. ક્રોધ, નાશકારક આફત (૨)
૩૦. હાથીનું બચ્ચું (૩)
૩૧. નાની ધજા (૩)
૩૩. કિંમતી વસ્તુ, ઘરેણું (૩)
૩૪. પતિ, રમવું તે (૩)

ઊભી ચાવી
૨. અભિમાની, ગુમાની (૩)
૩. નજર (૨)
૪. રમતમાં આવતો વારો (૨)
૫. પ્રયત્ન (૩)
૬. સો શ્લોકવાળો ગ્રંથ (૪)
૮. આડખીલી, એક ઘાસ (૨)
૧૦. અંત, છેડો, મોત (૩)
૧૧. આંખની કીકી (૩)
૧૨. એક વનસ્પતિ (૩)
૧૫. ખુશ, પ્રસન્ન (૨)
૧૭. બાગ, આનંદ (૩)
૧૮. કુમળું (૩)
૨૦. મૂર્ખપણું (૩)
૨૧. દાંતે ઘસવાનો ભૂકો (૨)
૨૨. હોડી (૨)
૨૩. માખણ, ખુશામત (૩)
૨૪. નિરોગી (૨)
૨૫. સખા, દોસ્ત (૨)
૨૬. શક્તિ, ખમી લેવું તે (૩)
૨૭. ભરપૂર (૩)
૨૯. પારકું, અન્ય (૨)
૩૦. ઓછું, ખરાબ (૨)
૩૧. પરંતુ, પ્રતિજ્ઞા (૨)
૩૨. સાંભળવાની ઇન્દ્રિય (૨)

[illegible]

આજનું પંચાંગ

તા. 15/10/2026, ગુરુવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** આસો
તિથિ: સુદ: પાંચમ :-27:26, લલિતાપંચમી
અયન : દક્ષિણાયન **ઋતુ :** શરદ
રાષ્ટ્રિય દિનાંક : આસો-23
યોગ :આયુષ્યમાન **કરણ:** વણિજ
નક્ષત્ર : જયેષ્ઠા: વૃદ્ધિ છે આ નક્ષત્રમાં જન્મેલાની શાંતિ કરાવવી. **રાશિ:** વૃશ્ચિક (ન.ય.)
દિવસ : સામાન્ય, શુક્ર પશ્ચિમાસ્ત
સુરતમાં સૂર્યોદય : 06:35 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:14
નવકારસી : 07:23
પારસી વર્ષ : 1396 ખોરદાદ માસનો 02જો રોજ
મુસલમાન વર્ષ :1448 જમાદીઉલ અવલ માસનો 03જો રોજ
દિવસનાં ચોઘડિયાં: શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
રાત્રિનાં ચોઘડિયાં: અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
રાહુ કાળ : બપોરે 13:30 થી 15:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): નવું કામ શરૂ કરવાની ઉતાવળ કરવી નહીં. સરકારી કામમાં ગફલત કરવી નહી, વીલ વારસા-વીમા જેવા કામમાં પ્રગતિ થાય.

વૃષભ (બ,વ,ઉ,): મહેનતનું સકારાત્મક પરિણામ મળે. નવાં સોદા પાર પડે. પરિવાર અને જીવનસાથીનો સાથ સામાજિક કામમાં મળે.

મિથુન (ક,છ,ઘ,): સહકર્મીઓ સાથે તાલ મેળ રાખવાથી પ્રગતિ થાય. આર્થિક વ્યવહારમાં સાવધાની રાખવી. ખર્ચા વધશે.

કર્ક (ડ,હ,): પોતાની નેતૃત્વ ક્ષમતા દેખાડવાની તક મળે. દાંપત્યજીવનમાં વિશ્વાસ વધે. પ્રેમ પ્રકરણોમાં ગેરસમજ દૂર થાય. આવક વધે.

સિંહ (મ,ટ,): કામનો બોજ વધશે. હરીફોથી સાવધાન રહેવું. પોતાના જ્ઞાનની જાણકારી ગુપ્ત રાખવી પ્રવાસમાં સાવધાન રહેવું.

કન્યા (પ,ઠ,ણ,): આર્થિક બાબતે પ્રગતિ થાય. મિત્રો સાથે નવા વ્યવસાયની યોજના બને. દલાલીના કામમાં આવક વધે.

તુલા (ર,ત,): આવક વધે. બચતની યોજના બને. ઉઘરાણી આવે. પારિવારિક ધંધામાં નવી યોજના બને. ઘરમાં ધાર્મિક વાતાવરણ.

વૃશ્ચિક (ન,ય,): નવી જવાબદારી મળે. ધાર્મિક પ્રવાસ થાય. ઘરમાં ઉત્સવ જેવું વાતાવરણ રહે. નવા ક્રિએટીવ વિચારોથી નવી તક.

ધન (ભ,ધ,ફ,ઢ,): ઉપરી વર્ગનો સાથ મળે. જૂના સંબંધો મજબૂત બને. આરોગ્ય નરમ રહે. અચાનક લાભ થાય. ખર્ચા પણ વધે.

મકર (ખ,જ,): જરૂરી ખર્ચા પર કાબૂ. વિદેશથી શુભ સમાચાર મળે. ધાર્મિક પ્રવાસ થાય. જૂના મિત્રોની મુલાકાત થાય.

કુંભ (ગ,સ,શ,ષ,): મિત્રો સાથે નવી શિક્ષણ નીતિ બાબતે ચર્ચાથી સંતાનોનાં કામ થાય. નવુ શિખવા મળે. આવક વધે.

મીન (દ,ચ,ઝ,થ,): વેપાર ધંધામાં આવક વધે. નોકરીમાં પ્રમોશન મળે. સમાજમાં માન વધે. સ્ત્રીવર્ગનો સાથ મળે. નવી તક મળે.

કોઈ પણ સાલમાં 15 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નોકરી -ધંધામાં ચડતી પડતી રહે. આરોગ્ય નરમ-ગરમ રહે. આર્થિકબાબતે સામાન્ય રહે. ટેકનોલોજીનો લાભ મળે. સમાજમાં યશ મળે. પરિવારની અપેક્ષાઓ સતાવે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં હરીફો સતાવે. નવા ઘર, વાહન, મકાનની યોજનામાં વડીલોનો સાથ મળે. સરકારી કામ, કોર્ટ કચેરીમાં સામાન્ય રહે. વધારાની આવકની યોજનામાં ચડતી-પડતી રહે. મિત્રો વગેરેની મદદ સામાજિક તથા કાયદાકીય બાબતોમાં મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કાં ધીમા પડે. ઉમલલાયકના વિવાહ થાય. પ્રેમ વિવાહમાં મદદ મળે. સ્ત્રી વર્ગ માટે સામાન્ય પણ નોકરી કરતી મહિલાની માનસિક અશાંતિ વધે.આરોગ્ય નરમ રહે. વિદેશનાં કામ થાય. વિદ્યાર્થીઓને નવી નિતીનો લાભ મળે. યાત્રા-પ્રવાસ, ધર્મકર્મથી શાંતિ મળે. એપ્રિલ, મે તથા સપ્ટેમ્બર ઓકટોબરમાં શુક્ર શનિવારે, 06, 15, 24 તારીખે નવા કામ કરવા સફેદ રંગનો ઉપયોગ વધારવો જુલાઈ ઓગસ્ટમાં બુધવારે 01,19, 10 28 તારીખે નવા કામ ટાળવા. ભૂરા રંગનો ઉપયોગ ટાળવો. શુક્રના ઉપાય કરવાં.